GJVD060008542024

**RCS/29/2024**

**STATE BANK OF INDIA**
**VS.**
**DAHYABHAI RAYJIBHAI PATEL**

------------------------------------------------------------------------------------------

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ પોકાર કરાવતા વાદી બેંક તરફે તેમના પ્રતિનિધિ કે વાદી બેંકના વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ તરફે કોઇ રીપોર્ટ નથી.

રેકર્ડ વંચાણે લેતાં, સદર દાવો વાદી બેંક ધ્વારા પ્રતિવાદીઓ પાસેથી લેણી રકમ વસુલ મેળવવા દાખલ કરવામાં કરવામાં આવેલ છે. દાવાના કામે પ્રતિવાદી નં.૨ અને ૪ નાઓ મરણ ગયેલ હોય, વાદી બેંક તરફે મુદત તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ આંક–૧૫ થી પ્રવિતાદી નં.૨ અને ૪ નાઓને ડીલીટ કરવાની અરજી આપવામાં આવેલી, જે ન્યાયના હિતમાં મંજુર કરી સદરહુ દાવાનું કામ ત્યારબાદ સુધારેલી દાવા અરજી રજુ થવા ઉપર મુલત્વી રાખવામાં આવેલુ, પરંતુ ત્યારબાદ મુદત તા.૨૦/૦૯/૨૦૨૫, તા.૦૮/૧૦/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫, તા.૦૭/૦૧/૨૦૨૬, તા.૦૫/૦૨/૨૦૨૬ તથા તા.૦૫/૦૩/૨૦૨૬ માં વાદી બેંક તરફે કોઇ હાજર રહેલ નહી કે તેમના વિ.વ.શ્રી પણ હાજર રહેલ નહી કે તેમના તરફે કોઇ રજુઆત કે રીપોર્ટ પણ રજુ રાખવામાં આવેલ નહી કે સુધારેલ દાવા અરજી રજુ રાખવામાં આવેલી નહી.  આ કામે વાદી બેંકને સુધારેલ દાવા અરજી રજુ કરવા માટે ન્યાયના હિતમાં સાતેક જેટલી મુદતો આપવામાં આવેલ હોવા છતાં તેઓ સુધારેલ દાવા અરજી રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેથી છેલ્લી સાતેક મુદતથી તે સ્ટેજમાં કોઇ સુધારો

આવેલ નથી તેમજ વાદી બેંક તરફે સુધારેલ દાવા અરજી રજુ નહી કરવાના કારણે હાલના દાવાનું કામ આગળ ચાલી શકતુ ન હોય વાદી બેંકને હાલનો દાવો આગળ ચલાવવામાં રસ નથી તેમ જણાતુ ન હોય તેથી હાલનો દાવો વાદી બેંકની કસુરના કારણે વાદી બેંક તરફે સુધારેલ દાવા અરજી રજુ નહી કરવાના કારણોસર રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તારીખ:પાંચમી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ:૦૫–૦૩–૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૩૫૭]

S.R.Tadvi